# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-03-2025** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર સિમ્પલ ઠક્કર વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી મોરેશિયસની તેમની ઐતિહાસિક અને ફળદાયી મુલાકાત પૂર્ણ કર્યા પછી નવી દિલ્હી પરત ફર્યા
2) ખનિજ તેલની વ્યાખ્યાને વિસ્તૃત કરતાં ઓઇલફિલ્ડ્સ સુધારા બિલ સંસદમાં મંજૂર
3) પાકિસ્તાનમાં, જાફર એક્સપ્રેસ પેસેન્જર ટ્રેન પર થયેલા હુમલા બાદ બલૂચ લિબરેશન આર્મીના લડવૈયાઓ અને પાકિસ્તાની સૈન્ય વચ્ચેનો સંઘર્ષ સમાપ્ત
4) જમ્મુ અને કાશ્મીરમાં, એક અઠવાડિયા સુધી વરસાદની આગાહી વચ્ચે, હવામાન વિભાગે આજે 'યલો એલર્ટ' જારી કર્યું
5) વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ગ્રાન્ડ પ્રિકસ 2025માં ભારતના ખેલાડીઓનો ઉત્તમ દેખાવ યથાવત .. 95 મેડલ સાથે ટોચ પર

.........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM RETURN

પ્રધાનમંત્રી મોરેશિયસની તેમની ઐતિહાસિક અને ફળદાયી મુલાકાત પૂર્ણ કર્યા પછી નવી દિલ્હી પહોંચ્યા છે.ભારત અને મોરેશિયસના સંબંધોને વધુ સુદ્રઢ બનાવતા વિવિધ પાસાઓની ચર્ચા તેમજ વિવિધ સમજૂતીના કરારો પર હસ્તાક્ષર સાથે બે દિવસના પ્રવાસથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પરત ફર્યા છે.. આ પ્રવાસ દરમિયાન દરિયાઈ સુરક્ષા સહિત અનેક ક્ષેત્રોમાં સહયોગ વધારવા અને સ્થાનિક ચલણમાં વેપારને પ્રોત્સાહન આપવા સહિતનાં આઠ કરારો પર હસ્તાક્ષર થયા હતા.

(BYTE નરેન્દ્ર મોદી, પ્રધાનમંત્રી)

મોરેશિયસની તેમની યાત્રાના બીજા અને અંતિમ દિવસે, પ્રધાનમંત્રીએ ચેમ્પ ડી માર્સ ખાતે મોરેશિયસના રાષ્ટ્રીય દિવસ ઉજવણીમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી. સમારંભ દરમિયાન, મોરેશિયસના રાષ્ટ્રપતિ, ધરમબીર ગોખુલેએ ભારત-મોરેશિયસ ભાગીદારીમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ શ્રી મોદીને ગ્રાન્ડ કમાન્ડર ઓફ ધ ઓર્ડર ઓફ ધ સ્ટાર એન્ડ કી ઓફ ધ હિંદ મહાસાગર પુરસ્કાર એનાયત કર્યો. પ્રધાનમંત્રી મોદી મોરેશિયસનો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર મેળવનારા પ્રથમ ભારતીય છે.

# LS- SATELLITES

સરકારે કહ્યું છે કે છેલ્લા દસ વર્ષ દરમિયાન, કુલ 393 વિદેશી ઉપગ્રહો અને 3 ભારતીય ગ્રાહક ઉપગ્રહો ISRO ના PSLV, LVM3 અને SSLV વાહનો દ્વારા વાણિજ્યિક ધોરણે લોન્ચ કરવામાં આવ્યા છે. આજે લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં, અવકાશ રાજ્ય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે જણાવ્યું હતું કે જાન્યુઆરી 2015 થી ડિસેમ્બર 2024 ના સમયગાળા દરમિયાન વિદેશી ઉપગ્રહોના પ્રક્ષેપણ દ્વારા સરકારને વિદેશી હૂંડિયામણની આવક લગભગ 143 મિલિયન યુએસ ડોલર અને 272 મિલિયન યુરો થઇ છે. તેમણે ઉમેર્યું કે ભારતે અત્યાર સુધીમાં અમેરિકા, બ્રિટન, સિંગાપોર, કેનેડા, કોરિયા, લક્ઝમબર્ગ, ઇટાલી, જર્મની, બેલ્જિયમ અને ફ્રાન્સ સહિતના 34 દેશોના ઉપગ્રહો લોન્ચ કર્યા છે.

# MORN. VAISHNAW-STARLINK

કેન્દ્રીય આઇટી અને રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે સ્પેસએક્સની સ્ટારલિંકના ભારતીય બજારમાં પ્રવેશની તૈયારીઓનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું છે. શ્રી વૈષ્ણવે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે, તે લાંબા અંતરના રેલ્વે પ્રોજેક્ટ્સ માટે ઉપયોગી થશે. બે ભારતીય ટેલિકોમ કંપનીઓએ સ્ટારલિંકની સેવાઓને એકીકૃત કરવા માટે સ્પેસએક્સ સાથે ભાગીદારીની જાહેરાત બાદ મંત્રીએ આ નિવેદન આપ્યું છે.

# LOKSABHA BILL

સંસદે ઓઇલફિલ્ડ્સ ,નિયમન અને વિકાસ સુધારા બિલ, 2024 પસાર કર્યું છે અને તેને લોકસભાએ મંજૂરી આપી છે. આ બિલ ઓઇલફિલ્ડ્સ (નિયમન અને વિકાસ) અધિનિયમ, 1948 માં સુધારો કરાશે. આ સુધારા બિલ ખનિજ તેલની વ્યાખ્યાને વિસ્તૃત કરે છે, જેમાં કુદરતી રીતે બનતા હાઇડ્રોકાર્બન, કોલસામાં મિથેન અને શેલ ગેસનો સમાવેશ થાય છે. કાયદામાં સ્પષ્ટતા કરવામાં આવી છે કે ખનિજ તેલમાં કોલસો, અને લિગ્નાઇટ અથવા હિલીયમનો સમાવેશ કરવામાં આવશે નહીં.

# MORN. WAVES-DELHI EVENT

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે નવી દિલ્હીમાં વર્લ્ડ ઓડિયો વિઝ્યુઅલ એન્ડ એન્ટરટેઈનમેન્ટ સમિટ WAVES પહેલા વૈશ્વિક સમુદાયને મંળશે. માહિતી અને પ્રસારણ રાજ્ય મંત્રી ડૉ. એલ. મુરુગન અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ પણ આ કાર્યક્રમમાં હાજર રહેશે. આ કાર્યક્રમ દ્વારા, સરકાર ઝડપથી વિકસતા મીડિયા અને મનોરંજન ક્ષેત્ર માટે વૈશ્વિક પ્લેટફોર્મ તરીકે WAVES ને પ્રોત્સાહિત કરી રહી છે.. આ કાર્યક્રમ દરમિયાન સો કરતાં વધુ રાજદૂતો અને ઉચ્ચ કમિશનરો મીડિયા અને મનોરંજન ક્ષેત્રમાં સહિયારા પ્રયાસો અંગેની ચર્ચા કરશે. વેવ્સ સમિટનું પ્રથમ સંસ્કરણ 1 થી 4 મે દરમિયાન મુંબઈમાં યોજાશે.

# NT. PAK MILLITANTS KILLED

પાકિસ્તાનમાં, બોલાન જિલ્લામાં જાફર એક્સપ્રેસ પેસેન્જર ટ્રેન પર થયેલા હુમલા બાદ બલૂચ લિબરેશન આર્મીના લડવૈયાઓ અને પાકિસ્તાની સૈન્ય વચ્ચેનો સંઘર્ષ સમાપ્ત થયો છે. સુરક્ષા સૂત્રોએ પુષ્ટિ આપી છે કે આ હુમલા સામેની લશ્કરી કાર્યવાહી પૂર્ણ થઈ ગઈ છે આ ઓપરેશનમાં 346 બંધકોને બચાવાયા છે અને લગભગ 50 હુમલાખોરોને બેઅસર કરવામાં આવ્યા છે. બલુચિસ્તાનની રાજધાની ક્વેટાથી ખૈબર પખ્તુનખ્વાની પ્રાંતીય રાજધાની પેશાવર જઈ રહેલી ટ્રેનનું ગઈકાલે BLA આતંકવાદીઓ દ્વારા અપહરણ કરવામાં આવ્યું હતું અને 400 થી વધુ લોકોને બંધક બનાવવામાં આવ્યા હતા. BLA અલગતાવાદી જૂથે આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી, સાથે જ તમામ મહિલાઓ અને બાળકોને મુક્ત કરવાના અને સુરક્ષા દળો સાથે કામ કરતા 200 થી વધુને બંધક બનાવવાનો દાવો કર્યો હતો. BLA એ એવો પણ દાવો કર્યો હતો કે તેમણે અપહરણ કરાયેલા ઓછામાં ઓછા 20 સુરક્ષા કર્મચારીઓને મારી નાખ્યા છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

**(ગોન્ગ મ્યુઝીક)**

# MORN. RUSSIA-UKRAINE-US TALKS

ક્રેમલિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે કહ્યું છે કે અમેરિકા અને યુક્રેન વચ્ચેની વાટાઘાટો દરમિયાન ચર્ચાયેલા યુદ્ધવિરામના પ્રસ્તાવ અંગે વોશિંગ્ટન તરફથી વધુ વિગતોની મોસ્કો રાહ જોશે. ક્રેમલિનના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયો અને રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર માઈક વોલ્ટ્ઝ બંનેએ કહ્યું હતું કે તેઓ વિવિધ રાજદ્વારી ચેનલો દ્વારા જેદ્દાહમાં થયેલી વાતચીત વિશે વિગતવાર માહિતી આપશે. તેમણે નોંધ્યું કે આગામી દિવસોમાં યુએસ અધિકારીઓ સાથે બેઠકો યોજાશે..જેમાં જરૂરી વિગતો પૂરી પડાશે.

મંગળવારે સાઉદી અરેબિયાના જેદ્દાહમાં યુએસ પ્રતિનિધિમંડળ સાથેની વાતચીત બાદ યુક્રેને તાત્કાલિક અને વચગાળાના 30 દિવસના યુદ્ધવિરામ માટેના અમેરિકન પ્રસ્તાવને સ્વીકારવાની તૈયારી દર્શાવી. અમેરિકા અને યુક્રેનના વરિષ્ઠ અધિકારીઓ વચ્ચે યોજાયેલી બેઠકમાં કિવ દ્વારા અમેરિકા દ્વારા પ્રસ્તાવિત 30 દિવસની યુદ્ધવિરામ યોજના સ્વીકારવામાં આવી અને વોશિંગ્ટન યુક્રેન સાથે લશ્કરી સહાય અને ગુપ્ત માહિતી શેર કરવા પરનો વિરામ ઉઠાવી લેવા સંમત થયું.

# J&K - YELLOW ALERT

જમ્મુ અને કાશ્મીરમાં, એક અઠવાડિયા સુધી વરસાદની આગાહી વચ્ચે, હવામાન વિભાગે આજે 'યલો એલર્ટ' જારી કર્યું છે જેમાં હવામાન વિભાગે હળવાથી મધ્યમ વરસાદ અને બરફ પડવાની આગાહી કરી છે. આકાશવાણી જમ્મુના સંવાદદાતાના અહેવાલ મુજબ, 10 માર્ચથી છેલ્લા ત્રણ દિવસમાં વરસાદ પડ્યો છે, જ્યારે હાલની સ્થિતિ 16 માર્ચ સુધી યથાવત રહેવાની ધારણા છે.

હવામાન વિભાગે જણાવ્યું હતું કે ૧૫ માર્ચ સુધી ઘણા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ અને ઊંચાઈવાળા વિસ્તારોમાં બરફ પડવાની શક્યતા છે અને ૧૬ માર્ચે કેટલાક સ્થળોએ હળવો વરસાદ અને બરફ પડવાની શક્યતા છે. ૧૭ થી ૨૧ માર્ચ સુધી હવામાન સામાન્ય રીતે શુષ્ક રહેશે. હવામાન વિભાગે પ્રવાસીઓ અને ટ્રાન્સપોર્ટરોને અવરજવર સંબંધિત તમામ નિયમોનું પાલન કરવાની અને ખેડૂતોને ૧૬ માર્ચ સુધી ખેતીકામ સ્થગિત રાખવાની સલાહ આપી છે.

# IMD-WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે વિદર્ભ, ઓડિશા અને ગુજરાતમાં છૂટાછવાયા સ્થળોએ ગરમીનું મોજું ફરી વળવાની આગાહી કરી છે. IMD એ જણાવ્યું હતું કે, અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયના કેટલાક ભાગોમાં આજે ભારેથી અતિ ભારે વરસાદ પડી શકે છે. હવામાન એજન્સીના જણાવ્યા અનુસાર, આગામી 2-3 દિવસ દરમિયાન ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ, સિક્કિમ, જમ્મુ અને કાશ્મીર, લદ્દાખ, ગિલગિટ, બાલ્ટિસ્તાન, મુઝફ્ફરાબાદ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પંજાબ, હરિયાણા, ચંદીગઢ અને દિલ્હીના કેટલાક ભાગોમાં વાવાઝોડા અને તેજ પવન સાથે વાવાઝોડું આવી શકે છે.

# PARA ATHLETICS

ગઈકાલે નવી દિલ્હીના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ગ્રાન્ડ પ્રિકસ 2025 ના બીજા દિવસે ભારતે પોતાનો દબદબો જાળવી રાખ્યો હતો

પુરુષોની ભાલા ફેંકની સંયુક્ત શ્રેણીમાં, ભારતીય રમતવીરોએ ઉત્કૃષ્ઠ પ્રદર્શન કર્યું હતુ. પુષ્પેન્દ્ર સિંહે ૫૭.૫૭ મીટરના ગોલ્ડ મેડલ સાથે અગ્રેસર રહ્યો હતો, ત્યારબાદ મોહિતે સિલ્વર અને જસવંતે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો

રિંકુ હુડ્ડાએ પુરુષોની ભાલા ફેંક F46 શ્રેણીમાં 60.26 મીટર ભાલો ફેંકીને  ગોલ્ડ મેડલ જીત્યો. રિતેન્દરે પુરુષોની ભાલા ફેંકમાં 30.33 મીટરના શ્રેષ્ઠ થ્રો સાથે ભારત માટે વધુ એક ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો

પુરુષોની ડિસ્કસ થ્રો F56/F57 ઇવેન્ટમાં, અતુલ કૌશિકે 43.92 મીટરના પ્રયાસ સાથે ગોલ્ડ મેડલ જીત્યો.

બીજા દિવસે ભારતની મહિલા ખેલાડીઓએ પણ નોંધપાત્ર દેખાવ કર્યા હતા. મહિલા ભાલા ફેંક F34 શ્રેણીમાં, બાધ્યશ્રી માધવરાવ જાધવે 12.73 મીટરના થ્રો સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો

ટ્રેક પર પુરુષોની 400 મીટર T47 સ્પર્ધામાં, દિલીપ મહાદુ ગાવિતે 48.78 સેકન્ડના સમય સાથે સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો. જસબીરે સિલ્વર મેડલ જ્યારે ભાવિકકુમાર દિનેશભાઈએ કાંસ્ય ચંદ્રક હસ્તગત કર્યો હતો

અત્યાર સુધીમાં  ભારત કુલ 95 મેડલ સાથે મેડલ ટેબલમાં આગળ છે, જેમાં 33 ગોલ્ડ, 29 સિલ્વર અને 33 બ્રોન્ઝનો સમાવેશ થાય છે. એનપીએ , ન્યુટ્રલ પેરાલિમ્પિક એથ્લેટ્સમાં 26 મેડલ સાથે બીજા સ્થાને છે, જ્યારે ઉઝબેકિસ્તાન 12 મેડલ સાથે ત્રીજા સ્થાને છે.

# WPL-CRICKET

મહિલા પ્રીમિયર લીગ ક્રિકેટમાં, મુંબઈ ઈન્ડિયન્સ આજે સાંજે મુંબઈના બ્રેબોર્ન સ્ટેડિયમ ખાતે એલિમિનેટર મેચમાં ગુજરાત જાયન્ટ્સ સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે ૭:30 વાગ્યે શરૂ થશે.

દિલ્હી કેપિટલ્સે 10 પોઈન્ટ સાથે ટોચનું સ્થાન મેળવીને ફાઇનલમાં પોતાનું સ્થાન બનાવી લીધું છે. મુંબઈ બીજા સ્થાને રહ્યું, જ્યારે ગુજરાત જાયન્ટ્સ ત્રીજા સ્થાને રહ્યું, જેના કારણે બાકીના અંતિમ સ્થાન માટે બંને ટીમો વચ્ચે મુકાબલો થયો.

મુંબઈ ઈન્ડિયન્સને તેમના હોમ ગ્રાઉન્ડ પર રમવાનો ફાયદો થશે, જ્યાં તેમણે તાજેતરમાં ગુજરાત જાયન્ટ્સ સામે નવ રનથી વિજય મેળવ્યો હતો.

આ સિઝનમાં, મુંબઈએ આઠ મેચમાંથી પાંચ જીત સાથે પ્લેઓફમાં સ્થાન મેળવ્યું છે.

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે અનિલ પટેલ

- **આજે મોટા ભાગના અખબારમાં પાકિસ્તાનમાં ટ્રેન પર બલોચ આર્મીના હૂમલાનાં સમાચાર** હેડલાઇનમાં જોવા મળે છેઃ
- ગુજરાત સમાચારની હેડલાઇન છે- બલોચ આર્મીએ બે દિવસ ટ્રેન કબ્જામાં રાખી- 130 સૈનિક ઠાર
- દિવ્ય ભાસ્કર લખે છે- હાઇજેક ટ્રેનમાં તમામનો છુટકારો, પણ બંધક સૈનિકો વિષે પાકિસ્તાનનું મૌન
- ટાઇમ્સ ઓફ ઇન્ડિયા અને ઇન્ડિયન એક્સપ્રેસે પણ આ સમાચારને મુખ્ય શિર્ષક બનાવ્યું છે.
- નવગુજરાત સમયની હેડલાઇન છે- યુક્રેન યુધ્ધવિરામ માટે તૈયાર, હવે બધો મદાર રશિયા પર
- ફુલછાબ હેડલાઇનમાં લખે છે- દુનિયાની આર્થિક હોળી, રંગમાં આવતું ભારત- મોંઘવારીમાં ઘટાડો અને ઔદ્યોગિક ઉત્પાદનમાં વધારો
- ફુલછાબ પ્રથમ પાને લખે છે કે- 1 એપ્રિલથી નવી કમરતોડ જંત્રીનો ફુલ અમલ

**<u>સ્થાનિક સમાચાર પર નજર કરીએ તોઃ</u>**

- સંદેશનાં એક અહેવાલ પ્રમાણે કડીની સાથે વિસાવદર વિધાનસભા બેઠક માટે પેટાચૂંટણી યોજવાનો માર્ગ મોકળો
- દક્ષિણ ગુજરાતમાં વીજ પુરવઠો ઠપ થયાના સમાચાર તમામ અખબારોમાં સ્થાનિક પાના પર છે. દિવ્ય ભાસ્કર લખે છે, ઉકાઇ થર્મલમાં ખામીથી દક્ષિણ ગુજરાતમાં બ્લેક આઉટ, સુરત, નવસારી, તાપી, ભરૂચ-નર્મદામાં 40 લાખ મીટરો ભરબપોરે બંધ પડી ગયા.
- અમદાવાદ મિરર હેડલાઇનમાં જણાવે છે કે, રાજ્ય સરકાર શહેરોમાં જંત્રીનાં દર ઘટાડે તેવી સંભાવના છે